# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસના ચોથા તબક્કામાં આજે નોર્વે પહોંચશે.

2) પ્રધાનમંત્રી મોદી અને સ્વીડનના પ્રધાનમંત્રી દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી વધારવા સંમત થયા

3) કેરલમમાં આજે કોંગ્રેસના નેતા વી.ડી. સતીસન મુખ્યમંત્રી તરીકે તેમજ મંત્રીમંડળના 21 સભ્યો શપથ લેશે

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છત્તીસગઢના બે દિવસના પ્રવાસે રાયપુર પહોંચ્યા

5) ગુજરાતના ગાંધીનગરમાં રમાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2026માં ભારતે એક રજત અને નવ કાંસ્યચંદ્રકો એમ કુલ 10 ચંદ્રકો જીત્યા

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - NORWAY VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસના ચોથા તબક્કામાં આજે નોર્વે પહોંચશે. પ્રધાનમંત્રી મોદીનો નોર્વેનો આ પ્રથમ પ્રવાસ હશે. તેઓ 43 વર્ષમાં નોર્વેની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી હશે. આ મુલાકાત દરમિયાન શ્રી મોદી ત્રીજા ભારત-નોર્ડિક સમિટ અને દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી નોર્વેના રાજા હેરાલ્ડ પાંચમા અને રાણી સોન્જા સાથે પણ મુલાકાત કરશે.

શ્રી મોદી નોર્વેના પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરવાના છે. પ્રધાનમંત્રી નોર્વેના પ્રધાનમંત્રી સાથે ભારત-નોર્ડિક વ્યાપાર અને સંશોધન સમિટને સંબોધિત કરશે. સમિટ દરમિયાન ભારત-નોર્ડિક સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. ચર્ચાઓ સ્વચ્છ અને હરિયાળી ટેકનોલોજી અને સમુદ્રી અર્થતંત્ર પર પણ કેન્દ્રિત થવાની અપેક્ષા છે.

ત્રીજી ભારત-નોર્ડિક શિખર સમેલન આવતીકાલે યોજાશે. શ્રી મોદીની સાથે નોર્વેના પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોર, ડેન્માર્કના પ્રધાનમંત્રી મેત ફ્રેડ્રિક્સન, ફિનલેન્ડના પ્રધાનમંત્રી પેટેરી ઓર્પો, આઇસલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટન ફ્રોસ્ટડોટીર અને સ્વીડનના પ્રધાનમંત્રી ઉલ્ફ ક્રિસ્ટર્સન પણ સમેલનમાં ભાગ લેશે. આ સમેલન ભારત અને નોર્ડિક દેશો વચ્ચે ટેકનોલોજી અને નવીનતા; હરિત પરિવર્તન અને નવીનીકરણીય ઉર્જા; ટકાઉપણું; સમુદ્રી અર્થતંત્ર; સંરક્ષણ; અવકાશ અને આર્કટિક ક્ષેત્ર જેવા ક્ષેત્રોમાં સંબંધોને વધુ વ્યૂહાત્મક માળખું પૂરું પાડશે.

# REV.-PM-SWEDEN-STRATEGIC-PARTNERSHIP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગોથેનબર્ગમાં સ્વીડનના પ્રધાનમંત્રી ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. દ્વિપક્ષીય સંબંધો અને દૂરંદેશી નેતૃત્વમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રધાનમંત્રી મોદીને સ્વીડનના સર્વોચ્ચ સન્માન, રોયલ ઓર્ડર ઓફ ધ પોલર સ્ટાર, ડિગ્રી કમાન્ડર ગ્રાન્ડ ક્રોસથી સન્માનિત કરાયા હતા. આ પ્રધાનમંત્રી મોદીનું 31 મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.

વાટાઘાટો દરમિયાન, બંને નેતાઓએ ભારત-સ્વીડન સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરી. તેઓ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી વધારવા સંમત થયા. બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારો શેર કર્યા, સંયુક્ત રાષ્ટ્ર અને બહુપક્ષીય સંગઠનોમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

પ્રસ્તુત છે એક અહેવાલ...

(VC: SAKSHI-SINGH)

સ્વીડનના પ્રધાનમંત્રી એ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં ભારતની પ્રગતિની પ્રશંસા કરી. તેમણે સ્વીડનમાં ભારતીય સમુદાયના સકારાત્મક યોગદાનની પણ પ્રશંસા કરી.

# PM - CEO INTERACTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગોથેનબર્ગમાં કેટલાક સ્વીડિશ કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન સ્વીડિશ કંપનીઓને ભારતમાં ઉત્પાદન, ગ્રીન હાઇડ્રોજન મિશન, સ્વચ્છ ઉર્જા અને અન્ય ક્ષેત્રોમાં તેમનું યોગદાન વધારવા વિનંતી કરી.

ભારત અને સ્વીડનના લોકશાહી, પારદર્શિતા, નવીનતા અને ટકાઉપણાના સહિયારા મૂલ્યો પર ભાર મૂકતા શ્રી મોદીએ સ્વીડનની નવીનતા અને ટકાઉપણું ક્ષમતાઓને ભારતના વિશાળ કદ, પ્રતિભા અને વિકાસની ગતિ સાથે જોડવા હાકલ કરી, શ્રી મોદીએ ભારતની મજબૂત સ્થાનિક માંગ, ડિજિટલ જાહેર માળખાગત સુવિધા, ઉત્પાદન વિસ્તરણ અને આગામી પેઢીના માળખાગત વિકાસનો ઉલ્લેખ કર્યો.

ચર્ચામાં સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલાઓ, ગ્રીન ટ્રાન્સફોર્મેશન, ટકાઉ ગતિશીલતા, જીવન વિજ્ઞાન અને ડિજિટલ તકનીકોમાં સહયોગને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ભારત-સ્વીડન સંબંધો અંગે શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો ખરીદનાર-વેચાણકર્તા સંબંધથી આગળ લાંબા ગાળાની ઔદ્યોગિક ભાગીદારી વિકસાવવા માટે કામ કરી રહ્યા છે.

# NADDA- SWITZERLAND

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડા 79મી વિશ્વ આરોગ્ય સભામાં ભાગ લેવા માટે સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચ્યા છે. છ દિવસીય આ પરિષદ આજથી જીનીવામાં શરૂ થશે.

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે આ વર્ષની વિષયવસ્તુ - વૈશ્વિક આરોગ્યને નવું સ્વરૂપ આપવા: એક સહિયારી જવાબદારી - વૈશ્વિક આરોગ્ય પડકારોનો સામનો કરવા માટે સામૂહિક કાર્યવાહીના મહત્વ પર ભાર મૂકે છે. આ પરિષદ મજબૂત વધુ સમાવિષ્ટ અને સ્થિતિસ્થાપક આરોગ્ય પ્રણાલીઓના નિર્માણ માટે સહિયારી વૈશ્વિક પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરશે.

# KERALAM - SWEARING-IN

કોંગ્રેસના નેતા વી.ડી. સતીસન આજે કેરલમના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આજના શપથગ્રહણ સમારોહ પહેલા ગઈકાલે મુખ્યમંત્રી તરીકે નિયુક્ત સતીસને 21 સભ્યોના યુડીએફ મંત્રીમંડળની જાહેરાત કરી હતી.

રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરને મંત્રીઓની યાદી સુપરત કર્યા બાદ સતીસને કહ્યું કે યુડીએફ મંત્રીમંડળના બધા સભ્યો એકસાથે શપથગ્રહણ કરશે.

કોંગ્રેસે મુખ્યમંત્રી પદ ઉપરાંત 11 મંત્રી પદ મેળવ્યા છે, જ્યારે ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ IUMLને પાંચ પદ ફાળવવામાં આવ્યા છે. કેરળ કોંગ્રેસ જોસેફ, રિવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી RSP, કેરળ કોંગ્રેસ જેકબ અને કોમ્યુનિસ્ટ માર્ક્સિસ્ટ પાર્ટી (CMP) ને એક-એક પદ મળ્યું છે.

(VC: MRUGNAINI )

સતીસને એ પણ જાહેરાત કરી કે તિરુવનચૂર રાધાકૃષ્ણન વિધાનસભા અધ્યક્ષ અને શનિમોલ ઉસ્માન ઉપાધ્યક્ષ રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AMIT SHAH - CHHATISGARH

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે સાંજે છત્તીસગઢના બે દિવસના પ્રવાસે રાયપુર પહોંચ્યા હતા. રાજ્યની તેમની મુલાકાત દરમિયાન, શ્રી શાહ રાયપુર અને બસ્તરમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.**

**પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ...**

(VC: VIKALP SHUKLA)

# MEA-UAE BARAKAH

ભારતે સંયુક્ત આરબ અમીરાતમાં બરકાહ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આવી કાર્યવાહી અસ્વીકાર્ય છે. ભારતે સંયમ રાખવા અને વાતચીત અને રાજદ્વારી દ્વારા તણાવ ઓછો કરવા હાકલ કરી.

# IMD WEATHER

હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણપશ્ચિમ ચોમાસું તેની સામાન્ય તારીખ પહેલી જૂન કરતાં છ દિવસ વહેલું 26 મેના રોજ કેરલમ પહોંચે તેવી શક્યતા છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ આગામી બે થી ત્રણ દિવસમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર, બંગાળની ખાડી, આંદામાન ટાપુઓ અને આંદામાન સમુદ્રના અન્ય ભાગોમાં પહોંચવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે.

## ASIAN WEIGHTLIFTING CHAMPIONSHIPS

ગુજરાતના ગાંધીનગરમાં રમાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2026 માં ભારતે એક રજત અને નવ કાંસ્ય ચંદ્રકો એમ કુલ 10 ચંદ્રકો જીત્યા.

કોમનવેલ્થ ગેમ્સના કાંસ્ય ચંદ્રક વિજેતા લવપ્રીત સિંહ સ્પર્ધાના અંતિમ દિવસે પુરુષોની 110 કિલોગ્રામથી વધુ વજન ગ્રુપમાં 386 કિગ્રા વજન ઉપાડીને પાંચમા સ્થાને રહ્યા હતા. તેણે સ્નેચમાં 174 કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં 212 કિલોગ્રામ વજન ઉપાડ્યું હતું.

ભારતનો એકમાત્ર રજત ચંદ્રક જ્ઞાનેશ્વરી યાદવે મહિલાઓની 53 કિલોગ્રામ સ્નેચ ઇવેન્ટમાં જીત્યો હતો. કોમલ કોહરે મહિલાઓની 48 કિલોગ્રામમાં કાંસ્યચંદ્રક જીત્યો હતો.

અજિત નારાયણે પુરુષોની 71 કિલોગ્રામમાં બે કાંસ્યચંદ્રકો જ્યારે હરજિંદર કૌરે મહિલાઓની 69 કિલોગ્રામ સ્નેચમાં અને સંજનાએ મહિલાઓની 77 કિલોગ્રામમાં ત્રણ કાંસ્ય ચંદ્રકો જીત્યા.

1982માં નવી દિલ્હીમાં યોજાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ બાદ ભારતે આ ઇવેન્ટનું બીજી વખત આયોજન કરાયું હતું.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં ભારત નેધરલેન્ડ વચ્ચે કરાર અને યુએઇ પર હુમલાના સમાચારોને મુખ્ય પાનાં પર સ્થાન આપ્યું છે...
- ગુજરાત સમાચાર લખે છે... યુએઇના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો ..
- સંદેશનું મુખ્ય મથાળું છે... ભારત નેધરલેન્ડ વચ્ચે ચિપ ડિફેન્સ ક્ષેત્રે 17 કરાર કરાયા.. ભારત નેધરલેન્ડ વ્યૂહાત્મક ભાગીદાર બન્યા- 17 કરાર થયા આ હેડલાઇન છે નવ ગુજરાત સમય ની...

- નવગુજરાત સમયે અન્ય સમાચારમાં... રશિયા પર યુક્રેનનો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો ભારતીય સહિત 4 ના મોત..  ને સ્થાન આપ્યું છે
- સ્થાનિક સમાચારોમાં અમદાવાદમાં સેઝ-આઇટી પાર્ક બનાવાશે, રાંધણ ગેસ ભરેલું જહાજ કંડલા પહોંચ્યું,વડોદરા મુંબઈ એક્સપ્રેસ વે ઉપર 120 થી વધુ સ્પીડે વાહન હંકારવા પર 1500 નો દંડ થશે..  જેવા વિવિધ સમાચારોને સ્થાન અપાયું છે

----------------------------------